# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# GANDHI JAYANTI - SHRADHANJALI

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 155મી જન્મજયંતિ પર રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાપુને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને સત્ય, અહિંસા, પ્રેમ અને શુદ્ધતાના મૂલ્યો અને મહાત્મા ગાંધીના સપનાના ભારતના વિચાર સાથે આત્મસાત કરવાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું. રાષ્ટ્રપતિએ લોકોને દેશ અને સમાજના વિકાસને સતત આગળ વધારવા માટે પ્રયાસ કરવા પણ આહ્વાન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ પણ રાજઘાટ ખાતે બાપુને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, સત્ય, સમરસતા અને સમાનતા પર આધારિત બાપુનું જીવન અને આદર્શો દેશવાસીઓ માટે હંમેશા પ્રેરણા બની રહેશે.

દેશભરમાં અને વિદેશમાં ભારતીય મિશનો દ્વારા શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્ર આજે પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને તેમની 120મી જન્મજયંતિ પર યાદ કરી રહ્યું છે.

પૂર્વ પ્રધાનમંત્રીને શ્રદ્ધાંજલિ આપતાં મોદીએ કહ્યું કે, લાલ બહાદુર શાસ્ત્રીએ પોતાનું જીવન દેશના સૈનિકો, ખેડૂતો અને સ્વાભિમાન માટે સમર્પિત કર્યું હતું.

--------------------

# CM IN PORBANDAR

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું મહાત્મા ગાંધીના અંત્યોદયથી સર્વોદયના વિચારોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મસાત કરીને 2047માં વિકસીત ભારતના સંકલ્પ સાથે વિકાસયાત્રાને આગળ ધપાવી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સ્વચ્છ ભારત મિશન દેશમાં ઘર ઘર પહોચ્યું છે અને સ્વચ્છતા એ આપણો સ્વભાવ બને તે માટે પ્રેરણા બની છે.

(BYTE –ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ પણ મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરતા સ્વચ્છતાના શપથ લીધા હતા. ડૉ. માંડવિયાએ કહ્યું કે રાજ્યશાસન પરિવર્તન માટે અહિંસા એક માર્ગ હોઈ શકે તેવો માર્ગ મહાત્મા ગાંધીએ વિશ્વને ચીંધ્યો હતો.  વધુમાં તેમણે ઉમેર્યું કે બાપુના દર્શન અહિંસા, સ્વચ્છતા, બુનિયાદી શિક્ષણ, અર્થવ્યવસ્થા તેમજ અંત્યોદય તથા સમાજ કેવો હોવો જોઈએ, તે બાપુના વિચાર દર્શન અમલમાં મૂકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદ દેશને વિકસીત ભારત બનાવવા પ્રયાસ કરી રહ્યા છે.

(BYTE - ડૉ. મનસુખ માંડવિયા)

આજે 155માં ગાંધી જયંતિ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે સવારે પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યા હતા. જે બાદ તેમણે સુદામાં ચોક ખાતે શ્રમદાન કર્યું અને બાદમાં બિરલા હોલ ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીઓ, ધારાસભ્ય સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------

# SWACHHTA HI SEVA - DISTRICT

આજે ગાંધીજયંતી પ્રસંગે રાજ્યભરમાં વિવિધ જિલ્લાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી...

વલસાડના અમારા પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે કે બીજી ઓક્ટોમ્બર ગાંધી જયંતિ પ્રસંગે મેગા સફાઈ અભિયાન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા સરકારી તંત્ર અને સામાજિક સંસ્થાઓએ સાથે મળીને, સર્કિટ હાઉસ થી હાલર સુધી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ પ્રસંગે વલસાડના સાંસદ ધવલ પટેલે આ મુજબ જણાવ્યું.

(BYTE – ધવલ પટેલ, સાંસદ, વલસાડ (.24 થી .54)

રાજ્યમંત્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે સંબોધન કરતા આ મુજબ જણાવ્યું.

(BYTE - કનુભાઈ દેસાઈ, રાજ્યમંત્રી)

આકાશવાણી અમદાવાદ કેન્દ્ર ખાતે આજે મહાત્મા ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ પ્રસંગે કેન્દ્રના વડા એન. એલ ચૌહાણના વડપણમાં કેન્દ્રના કર્મચારીઓએ પરિસર આસપાસના ભાગોમાં સફાઈ હાથ ધરી હતી.

---------------

**AMIT SHAH NAVRATRI**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદના GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા તેમજ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આ ઉદઘાટન સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે.

---------------